# પક્ષપલ્ટાને પ્રધાનપદુ : નિષ્ઠાને નન્નો

**ગુજરાતના રાજકારણમાં ચૂંટણીના પડઘમ સાથે સત્તાના સોદાની મોસમ પૂરબહારમાં ખીલી : કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાઈને ૨૪ કલાકમાં જ મંત્રીપદ પ્રાપ્ત કરવાનો રાજકીય વિક્રમ નોંધાયો : ગઈકાલે ભાજપમાં જોડાનાર જવાહર ચાવડાને કેબીનેટ મંત્રી પદે અને વિધાનસભા ચૂંટણી સમયે ભાજપમાં જોડાનાર ધર્મેન્દ્રસિંહ જાડેજાને રાજ્યકક્ષાના મંત્રી અને ભાજપના બોલકા ધારાસભ્ય યોગેશ પટેલને પણ મંત્રીપદ મળ્યું : ભાજપમાં ભભૂકતો રોષ : નિષ્ઠાવાન હાંસિયામાં મૂકાયા**






ગાંધીનગર, તા. ૯

પાટનગરમાં છેલ્લા બે દિવસથી રાજકીય ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગઈકાલે કોંગ્રેસના બે સભ્યોના રાજીનામાથી સર્જાયેલા ભૂકંપને આજે નવુ સ્વરૂપ અપાયુ હતુ. અગાઉ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈને માત્ર છ કલાકમાં પ્રધાનપદુ પ્રાપ્ત કરનાર કુંવરજી બાવળીયા બાદ આજે કોંગ્રેનસા જવાહર ચાવડાએ ૨૪ કલાકમાં જ ભાજપમાં જોડાઈને પ્રધાનપદુ મેળવ્યુ હતુ. વિધાનસભા ચૂંટણી વખતે ભાજપમાં જોડાનાર ધર્મેન્દ્રસિંહ જાડેજા પણ અઢી વર્ષે યાદ આવી જતા તેમને પ્રધાનપદુ આપી વચન પાળ્યુ હતુ. જ્યારે યોગેશ પટેલના આક્રમક સ્વભાવને ધ્યાને લઈ તેમનો પણ શાંત કરવા અને રાજકોટને અપાયેલી એઈમ્સને સમતોલ કરવાના ભાગરૂપે વડોદરાના યોગેશ પટેલને પણ પ્રધાનપદુ અપાયુ છે. મીડિયાને પ્રવેશબંધી ફરમાવી ગુપચુપ શોગંદવિધીનો સમારોહ શનિવારે ૧૨.૩૯ના વિજય મુહૂર્તમાં રાજભવનમાં યોજાયો હતો. આ પ્રસંગે ગણતરીના આગેવાનો અને અધિકારીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સહિત માંડ પચાસેક ધારાસભ્યો શપથવિધિમાં હાજર હતા. નવનિયુક્ત મંત્રીઓના ખાતાઓની ફાળવણી સોમવારે કરાશે એમ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ કહેવાઈ રહ્યુ છે.

લોકસભાની ચુંટણી નજીક છે ત્યારે રાજકીય ઘટનાક્રમનો દોર જારી રહ્યો છે. રાજકીય ઘટનાક્રમની વચ્ચે ગુજરાતમાં મંત્રીમંડળનું આજે વિસ્તરણ કરવામાં આવ્યું હતું. શપથવિધિ કાર્યક્રમમાં તમામ ટોચના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ વિસ્તરણને પણ લોકસભા ચુંટણીના અનુસંધાનમાં મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભાજપના મિશન-૨૬ના ભાગરૂપે તેને ગણવામાં આવે છે.

આજે ગુજરાતની રાજનીતિમાં ભારે ઉતાર ચઢાવ બાદ રૂપાણી સરકારના મંત્રીમંડળના વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના રાજભવન ખાતે વિજય મૂર્હતમાં આજે ભાજપની શપથવિધી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યોગેશ પટેલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા(હકુભા જાડેજા) અને જવાહર ચાવડાએ મંત્રી પદના શપથ લીધા હતા. રાજયપાલ ઓ.પી.કોહલીએ નવા ત્રણેય મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કોંગ્રેસમાંથી આવેલા જવાહર ચાવડાને કેબિનેટમંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. હવે ચાવડાને સહકાર ખાતાની જવાબદારી સોંપાય તેવી શકયતા છે. ત્રણેય નવા મંત્રીઓએ પ્રધાનપદના શપથ લીધા બાદ તેમના વિસ્તારોના કામો અને લોકસેવા કરવાની નેમ વ્યકત કરી હતી.

નવા મંત્રીઓએ જણાવ્યું કે, હવે મંત્રી બન્યા બાદ તેમની જવાબદારી વધી છે અને તેથી લોકોના કામો અને અપેક્ષાઓ સંતોષવાના પૂરા પ્રયાસ કરીશું. એટલું જ નહી, આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપની ૨૬માંથી ૨૬ બેઠકો જીતાડવાના નિષ્ઠા સાથેના અસરકારક પ્રયાસો પણ કરીશું. આજના શપથવિધી કાર્યક્રમમાં વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી, રાજ્યના સીએમ વિજય રૂપાણી અને ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ હાજર રહ્યા હતા. તમામ ત્રણ મંત્રીઓને રાજ્યપાલ ઓ.પી. કોહલીએ શપથ લેવડાવ્યા હતા.

## કોંગ્રેસના નેતૃત્વ સાથે મને વાંધો હતો : ધર્મેન્દ્રસિંહ જાડેજા

ગાંધીનગર,તા.૯

બીજી બાજુ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પણ રાજ્યકક્ષાના શપથ લઈને પોતાનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, દેશ અને રાજ્ય આજે વિકાસના પંથે ચાલી રહ્યો છે. અમે છેવાડાના માનવી સુધી વિકાસ કરીશું. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું કે, કોંગ્રેસના નેતૃત્વ સાથે મને વાંધો હતો. કોંગ્રેસમાં હતો ત્યારે પણ મેં ક્યારે પક્ષાપક્ષી નથી રાખી, અને અહીં પણ રાખીશ નહીં. તેમને જણાવ્યું કે, જો મેં જનતા સાથે ગદ્દારી કરી હોય તો ૪૨ હજાર મતથી ના જીત્યો હોત.

## કોંગ્રેસમાં હજુ ઉચાટ

**કારોબારી પૂર્વે ડેમેજ કન્ટ્રોલ કવાયતમાં કોંગી પાર્ટી વ્યસ્ત : વધુ છ ધારાસભ્યો છેડો ફાડી શકે છે : કોંગ્રેસ પાર્ટીની હાલત કફોડી બની**

અમદાવાદ, તા.૯

લોકસભાની ચુંટણી માટે કાર્યક્રમની જાહેરાત કોઈપણ સમયે કરવામાં આવી શકે છે ત્યારે ભાજપે જોરદાર તાકાત ઉભી કરવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. આના ભાગરૂપે કેન્દ્રિય કેબિનેટનું વિસ્તરણ પણ આજે કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના બે ધારાસભ્યોએ છેડો ફાટી લેતા કોંગ્રેસનું સંખ્યાબળ હવે ઘટીને ૭૨ થઈ ગયું છે. પાર્ટી દ્વારા કારોબારીની બેઠક પહેલા ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દેવાઈ છે પરંતુ પાર્ટી માટે હજુ પણ મુશ્કેલી દેખાઈ રહી છે. છેલ્લા નવ મહિનાના ગાળામાં કોંગ્રેસ પાર્ટીના ચાર ધારાસભ્યો ભાજપમાં જતા રહ્યા છે. એવી ચર્ચા પણ ચાલી રહી છે કે હજુ વધુ છ જેટલા ધારાસભ્યો કોંગ્રેસ સાથે છેડો ફાડી શકે છે. આવી સ્થિતિમાં લોકસભાની ચુંટણી પહેલા જ કોંગ્રેસ પાર્ટીની મુશ્કેલી ચિંતાજનક રીતે વધી રહી છે. જાણવા મળેલી માહિતી મુજબ આવનાર દિવસોમાં કોંગ્રેસના કેટલાક અસંતુષ્ટ સભ્યો પણ ભાજપમાં સામેલ થઈ શકે છે. કોંગ્રેસનું સંખ્યાબળ ૭૭થી ઘટીને ૭૨ થઈ ચુક્યું છે. વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસ પાર્ટીનો દેખાવ સારો રહ્યો હતો પરંતુ ત્યારબાદ રાજીનામા પડવાની શરૂઆત થઈ હતી. ૨૦૧૭ ચુંટણી બાદ ૧૪ કોંગ્રેસી ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. જે પૈકી ૧૩ ભાજપમાં જોડાયા હતા. ગયા વર્ષે જુલાઈ મહિના બાદથી કોંગ્રેસના ચાર ધારાસભ્યો રાજીનામા આપ ચુક્યા છે અને ભાજપમાં જોડાઈ ચુક્યા છે. કોંગ્રેસના એક ધારાસભ્યને વિધાનસભા અધ્યક્ષ દ્વારા ગેરલાયક જાહેર કરવામાં આવ્યા છે. માઈનિંગ કેસમાં દોષિત આવ્યા બાદ તેમને ગેરલાયક જાહેર કરાયા હતા.

## પ્રાંતિજના મજરા કેન્દ્રમાં દિવ્યાગ વિદ્યાર્થિની કેયુરી ધોરણ-૧૨ની પરીક્ષા આપી રહી છે

**ભલે મારી પાંખો ના હોય પણ હું મારી મંજીલ સુધી પહોંચીશ**

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિર ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. જેમાં ચાર દિવ્યાગો પણ પરીક્ષા આપી રહ્યાં છે. જેમાં ધોરણ-૧૨માં ૯૦ ટકા દિવ્યાગ કેયુરી પણ તેના માતા-પિતાના સહારે અને રાઈટરની મદદથી પરીક્ષા આપી રહી છે.



પ્રાંતિજના ઓરણ ખાતે રહેતી કેયુરી શૈલેષભાઈ સુતરીયા કે જે દલિત સમાજમાંથી ઉછરેલ અને ધોરણ બારમાં અભ્યાસ કરે છે અને તે મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિરમાં ચાલુ સાલે બોર્ડની પરીક્ષા આપી રહી છે. જેમાં કેયુરી પોતે ૯૦ ટકા દિવ્યાગ હોવા છતાં પોતે કંઈક કરી બતાવવા પોતે પોતાના માતા-પિતાના સહારે તથા રાઈટરની મદદથી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા આપી રહી છે, ત્યારે તે પોતે પોતાના આત્માવિશ્વાસ સાથે હાલ તો ધોરણ-૧૨ની પરીક્ષા આપી રહી છે. ત્યારે સમાજ તથા અન્ય સમાજના દિવ્યાગ માટે પણ પ્રેરણારૂપ છે કે ભલે મારી પાંખો કપાઈ ગઈ હોય પણ હું મારી મંજીલ સુધી પહોંચીશ અને હાલ હું મારા માતા પિતાના સહારે પરીક્ષા કેન્દ્ર સુધી પહોચીશુ, પણ પછી આગળ જતાં હું મારા માતા પિતાનો સહારો જરૂર બનીશ તેમ કહીએ તો પણ નવાઈ નથી. મંજીલ ગમે તેટલી દુર હોય પણ અંદરની શકિત અને આત્મવિશ્વાસ બધીજ સમસ્યાઓને પાછળ મુકી દે છે.

## આજે ૧.૯૨ લાખ બાળકોને પોલીયોની રસી પીવડાવાશે

હિંમતનગર, તા. ૯

દેશમાંથી પોલીયોના રોગને નાબુદ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર છેલ્લા ઘણા વર્ષોથી પોલીયો રસીકરણની ઝુંબેશ ચલાવે છે. ત્યારે આજે તા. ૧૦ માર્ચ એટલે પોલીયો રવિવાર તરીકે ઓળખાતા આ દિવસે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૧.૯૨ લાખ ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોની રસીના બે ટીપા પીવડાવવા માટે જિલ્લામાં ૮૭૯ બુથ ઉભા કરાયા છે. જેના માધ્યમથી પોલીયો રસીકરણની ઝુંબેશને સફળ બનાવવા માટે વિભાગ દ્વારા આગોતરૂ આયોજન કરી દેવાયું છે.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના જણાવાયા મુજબ દર વર્ષે ૧૦મી માર્ચે પોલીયો રસીકરણની ઝુંબેશ સરકાર દ્વારા ચલાવાઈ રહી છે. ત્યારે આજે તા. ૧૦ માર્ચ ૨૦૧૯ના રોજ સાબરકાંઠામાં પોલીયો રસીકરણ ઝુંબેશ ઉજવાશે જે અંતર્ગત સાબરકાંઠાના અંદાજે ૦ થી ૫ વર્ષના ૧.૯૨ લાખ બાળકોને પોલીયોના બે ટીપા પીવડાવવા માટે આરોગ્ય વિભાગના ૩૫૧૬ કર્મચારીઓ સવારથી જ કામે લાગી જશે.

સાબરકાંઠાના ૮ તાલુકાના અંદાજે ૧૨૫૦થી વધુ ગામડાઓમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ જઈને પોલીયોના બુથ પર ફરજ બજાવી ગામનું એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખશે. જોકે ૦ થી ૫ વર્ષના બાળકના વાલીઓએ પણ સજાગતા દાખવીને પોતાના બાળકને બુથ પર લઈ જઈ પોલીયોના ટીંપા પીવડાવવાનો આગ્રહ રાખવો જોઈએ. જિલ્લાની ૭૭૦થી વધુ ગ્રામ પંચાયતોના તાબામાં આવતા ગામડાઓ અને પેટાપરાઓનો પણ સમાવેશ થઈ જાય છે.

પોલીયો રસીકરણ ઝુંબેશને સફળ બનાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૧૮૫ સુપરવાઈઝરોને ફરજ સોંપવામાં આવી છે. આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાની કુલ વસ્તી અત્યારે અંદાજે ૧૫.૦૮ લાખની છે તે પૈકી ૧.૯૨ લાખ બાળકોને પોલીયોના ટીંપા પીવડાવવાનો રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા લક્ષ્યાંક રખાયો છે.

## પ્રાંતિજ શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતિય પાટોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ



ખાતે શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતિય પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી તે પ્રસંગે ધર્મ પ્રેમી લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ પૌરાણિક અને પ્રાચીન વાવ ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિરના દ્વિતીય પાટોત્સવની મંદિર વ્યવસ્થા શૈલેષભાઈ ત્રિવેદી, અમરીશભાઈ સોની તથા મંદિર વ્યવસ્થાપક કમીટી દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તો વર્ષો જુના આ મંદિરના સ્થાને બે વર્ષ અગાઉ વિશાળ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે તો આ મહાકાલી મંદિર સમગ્ર પંથકમાં પ્રચલિત બનેલ છે. મંદિર સંકુલમાં ધર્મશાળા તેમજ ભોજનાલય શરૂ કરવામાં આવેલ છે. પાટોત્સવ દરમ્યાન પ્રાંતિજ-સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને મંદિરમાં બિરાજમાન શ્રી મહાકાલી માતાના તથા હવનના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

## નવલપુર-ભટોડા પાસેથી દારૂ ભરેલી કાર પકડાઈ

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલ નવલપુર ભટોડા પાસેથી એલસીબીએ બાતમીને આધારે શુક્રવારે રાત્રે રાજસ્થાનથી પાસ પરમીટ વિના આવી રહેલ એક કારને ઝડપી લઈ તેમાંથી અંદાજે રૂ. ૫૦ હજારથી વધુની કિંમતનો જથ્થો પોલીસે ઝડપી લીધો હતો. જોકે પોલીસને જોઈ કારનો ચાલક અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો. જે અંગે એલસીબીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે રાત્રે એવી બાતમી મળી હતી કે રાજસ્થાનથી પાસ પરમીટ વિના દારૂ ભરેલી એક કાર ગાંભોઈ થઈ હિંમતનગર તરફ આવી રહી છે જે આધારે એલસીબીએ ગાંભોઈ નજીક આવેલ નવલપુર-ભટોડા પાસે નાકાબંધી કરી વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. દરમિયાન અહીંથી પસાર થતી કાર નં. જીજે.૧.એચસી.૯૪૩૮ને પોલીસે ઉભી રખાવાવનો પ્રયાસ કર્યો હતો તેમ છતા કારનો ચાલક ભાગી ગયો હતો.

## તેમની ભાષામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપ્યા હતા. જે ભાષામાં તે સમજે છે તે ભાષામાં જવાબ આપવામાં આવ્યો છે. ઉરીમાં હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી ત્યારે પણ આ લોકો પુરાવા માંગી રહ્યા હતા. હવે પુલવામા હુમલા બાદ ભારતીય જવાનોના પરાક્રમ વચ્ચે પણ આ લોકો પુરાવા માંગી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે અમારા વીર જવાનો દુશ્મનના ઘરમાં ઘુસીને તેમને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. ત્રાસવાદીઓને ભારત તરફથી આ પ્રકારના હુમલાની અપેક્ષા ન હતી. પાકિસ્તાને જમીનો ઉપર ટેન્કો ગોઠવી હતી. પૂર્ણ તૈયારી કરી હતી. અમે ઉપરથી જતા રહ્યા હતા. અમે આને લઈને બિલકુલ શાંત હતા. આ ઘટના એટલી મોટી હતી કે રાત્રે સાડા ત્રણ વાગે પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ ગઈ હતી અને સવારે પાંચ વાગ્યાથી ટ્વીટર ઉપર તેમના સંદેશાઓ જારી થઈ ગયા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે દેશના દુશ્મનો ભારત પ્રત્યે જે વલણ ધરાવતા હતા તેનું કારણ ૨૦૧૪ પહેલાની સરકારોનું વલણ હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ નં. ૧૩ સને ૨૦૧૮-૧૯, (ઈ-ટેન્ડર આઈડી - ૩૫૬૬૫૬)**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી પીવાના પાણીના એનાલીસીસ માટે પાત્રતા ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી "Repair & replacement of Spare Parts for the HACH make U.V. Spectrophotometers (D.R. 6000) & Turbidity Meter (2100 Q)" ખરીદ કરવાના કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. (બોર્ડને કોઈપણ કારણ આપ્યા વિના ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.)

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડરની અંદાજીત કિંમત | રૂ. ૮,૬૩,૦૦૦/- |
| ૨ | ટેન્ડર ફી અને બાનાની રકમ | રૂ. ૯૦૦/- અને રૂ. ૮૬૩૦/- |
| ૩ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ સ્ટાર્ટ તા. | તા. ૭/૩/૨૦૧૯ |
| ૪ | ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૨૮/૩/૨૦૧૯ ૧૮.૦૦ કલાક સુધી |

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

માહિતી/૩૨૮૪/૧૮-૧૯

## જાહેર નિવિદા

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગાંધીનગરની કચેરી માટે તાત્રિક વહીવટી અને હિસાબી કામગીરીનો મેનપાવર આઉટ સોર્સિંગથી કામગીરીની સેવાઓ પુરી પાડવા માટે કોરા ટેન્ડર ફોર્મ આ બોર્ડની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૭, બીજો માળ, ગાંધીનગર ખાતે રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર)ની કિંમતનો ડિમાન્ડ ડ્રાફ્ટ સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાવન નિયામક, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરના નામનો રજૂ કરવાથી અથવા રોકડા ભરવાથી તા. ૨૦/૩/૨૦૧૯ સુધીમાં ઉપરોક્ત સરનામેથી કચેરીના કામકાજના સમય દરમિયાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ જરૂરી અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ સાથે તા. ૨૭/૩/૨૦૧૯ના સાંજના ૬.૦૦ વાગ્યા સુધીમાં ઉપરોક્ત સરનામે આરપીએડીથી મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. આ અંગેની અન્ય વિગતો કે માહિતી બોર્ડની કચેરી ગાંધીનગર ખાતેથી મહેકમ શાખામાંથી ઉપલબ્ધ થશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : -૦૩/૨૦૧૯

સહી/-
સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામક
ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૨૯૧/૧૮-૧૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ